Wednesday
25.11.2026
✳Volume :11 ✳ Issue No.144
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી શ્રી ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વ નિમિત્તે શબદ કીર્તનમાં સહભાગી થયા

સમગ્ર શીખ પરંપરા રાષ્ટ્ર અને તેની સંસ્કૃતિ માટે સર્વસ્વ બલિદાન આપવાની ભાવનાનો પર્યાય છેઃ પ્રધાનમંત્રી



આજે વિશ્વના અનેક ભાગોમાં સંઘર્ષ ચાલી રહ્યા છે, જેમાં અસંખ્ય નિર્દોષ લોકો અને પરિવારો હિંસા અને અશાંતિનો સામનો કરી રહ્યા છે; આવા સમયે, વિશ્વના દરેક ખૂણામાં શાંતિ, દરેક પરિવારની સુરક્ષા અને દરેક વ્યક્તિને ગરિમા સાથે જીવવાની તક સુનિશ્ચિત કરવા માટે 'સરબત દા ભલા' ની ભાવના વધુ મહત્વપૂર્ણ બની જાય છેઃ પ્રધાનમંત્રી







રાષ્ટ્રના દરેક યુવા વ્યસનમુક્ત હોવા જોઈએ, પોતાના સપના પૂરા કરે, સારી રીતે અભ્યાસ કરે અને પોતાના પરિવાર તથા રાષ્ટ્રને ગૌરવ અપાવે; આ પ્રયાસમાં પરિવારો મોટી ભૂમિકા ભજવે છે, અને સાથે મળીને આપણી સંગત, ગુરુદ્વારાઓ અને સામાજિક સંસ્થાઓ યુવાનોને માર્ગદર્શન આપી શકે છે અને તેમને સાચો માર્ગ પસંદ કરવાની હિંમત આપી શકે છેઃ પ્રધાનમંત્રી

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આજે શ્રી ગુરુ નાનકદેવજીના પ્રકાશ પર્વના પવિત્ર અવસરે શબદ કીર્તનમાં સહભાગી થયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા, પ્રધાનમંત્રીએ 'વાહેગુરુ જી કા ખાલસા, વાહેગુરુ જી કી ફતેહ!' ના અભિવાદન સાથે પોતાના વક્તવ્યની શરૂઆત કરી હતી. પવિત્ર વાતાવરણમાં ગુરુ નાનક દેવજીને શ્રદ્ધાપૂર્વક નમન કરતા અને શબદ કીર્તનમાં ભાગ લેવાની તકબદલ હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરતા, તેમણે રાષ્ટ્રને ઉત્સવની શુભેચ્છાઓ પાઠવી હતી. "પ્રકાશ પર્વના અવસરે હું તમામ દેશવાસીઓને . . . અગણિત શુભેચ્છાઓ પાઠવું છું," એમ શ્રી મોદીએ જણાવ્યું હતું. ગુરુબાનીના દરેક શબદ અને કીર્તનની દરેક ધૂનને માત્ર સંગીત કરતાં ઘણી વધુ ગણાવતા, પ્રધાનમંત્રીએ તેને પોતાનામાં જ એક આધ્યાત્મિક સાધના અને જ્ઞાનના મહાસાગર માં ડૂબકી લગાવવા જેવી ગણાવી હતી.

"તેથી, જ્યારે પણ મને આવા કાર્યક્રમ માટે આમંત્રણ મળે છે, જ્યારે પણ મને તક મળે છે, ત્યારે હું ચોક્કસપણે સંગત અને કીર્તનમાં હાજરી આપું છું," એમ પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું. બાળપણથી જ પોતાના જીવનના સ્વાભાવિક હિસ્સા તરીકે ગુરુ નાનક દેવજીના 'કિરત કરો, વંડ છકો, નામ જપો' ના ઉપદેશને યાદ કરતા, પ્રધાનમંત્રીએ ગુરુદ્વારાઓમાં નમન કરવા, ગુરબાનીમાં લીન થવા, સેવાનો આનંદ માણવા, લંગરમાં સહભાગી થવા અને અનેક પ્રસંગોએ શ્રી હરમંદિર સાહિબ ખાતે માથું ટેકવવા વિશે આત્મીયતાપૂર્વક વાત કરી હતી. "જૂના સાથીદારો જાણતા હશે કે મેં પંજાબમાં પણ ઘણો સમય વિતાવ્યો છે, અને તે સમય ગાળો મારા જીવનની સૌથી ખાસ યાદોમાંનો એક રહ્યો છે," એમ શ્રી મોદીએ જણાવ્યું હતું. પ્રધાનમંત્રી નિવાસસ્થાને અનેક સંતો અને વિદ્વાનોનું આતિથ્ય માણવાના સન્માન સહિત, ગુરુની કૃપાથી શીખ સંતોનો સંગ સતત મળતો રહેવા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરતા, શ્રી મોદીએ કાર્યક્રમમાં તેમની હાજરી દ્વારા અનુભવાયેલી વિશિષ્ટ આધ્યાત્મિક ઊર્જાની નોંધ લીધી અને તમામ શીખ ભાઈઓનું અભિવાદન કર્યું. "આ અવસરે, હું તમામ સંતો અને વિદ્વાનોને નમન કરું છું," એમ પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું. આ વર્ષનું પ્રકાશ પર્વ શ્રી ગુરુ તેગ બહાદુર જીની ૩૫૦મી શહીદી વર્ષગાંઠ સાથે સુસંગત છે, જેમણે રાષ્ટ્રની ઓળખ, આસ્થા, વિશ્વાસ અને મૂલ્યોનું રક્ષણ કરવા માટે દિલ્હીની જંઘરની પર પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા હતા, તે વાત પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ નોંધ્યું કે ૩૫૦ વર્ષ પછી પણ તે બલિદાનની પ્રેરણા માત્રીમાં અને રાષ્ટ્રના દરેક ખૂણામાં ઊંડાણથી વણાયેલી છે. "દેશનો દરેક નાગરિક તેના માટે હંમેશા તેમનો આભારી રહેશે," એમ શ્રી મોદીએ દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું. ભાઈ મની દાસ જી, ભાઈ સતી દાસ જી અને ભાઈ દયાલા જીના શહીદી બલિદાન તેમજ સ્વતંત્રતા સંગ્રામ દરમિયાનની અવિરત ભાવના દ્વારા દર્શાવાયા મુજબ, સમગ્ર શીખ પરંપરા રાષ્ટ્ર અને તેની સંસ્કૃતિ માટે સર્વસ્વ બલિદાન આપવાની ભાવનાનો પર્યાય રહી છે, તેવું અવલોકન કરતા પ્રધાનમંત્રીએ ગુરુદ્વારા સુધારણા આંદોલનમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા અને સેવા પ્રત્યેના આજીવન સમર્પણ બદલ સરદાર તેજા સિંહ સમુંદ્રી જીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. "આ વર્ષ તેમના શહીદી બલિદાનને પણ સો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે; આ અવસરે, હું તેમને પણ નમન કરું છું," એમ પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું. ભારતે સદીઓ સુધી ગુલામી સહન કરી હતી અને તેના સૌથી મુશ્કેલ ઐતિહાસિક સમયગાળા દરમિયાન પણ ગુરુઓએ રાષ્ટ્રનું રક્ષણ કરવાની જ્યોત જીવંત રાખી હતી તે યાદ કરતા, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે આજના મહાન રાષ્ટ્રીય સંકલ્પો અને વિકસિત ભારતના લક્ષ્યને માત્ર તેમની પ્રેરણા અને આદર્શો દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. "તેથી, શીખ પરંપરાઓ અને શીખીના વારસાને પ્રકાશના સ્તંભ તરીકે આગળ રાખવાની જવાબદારી આપણા સૌની છે," એમ શ્રી મોદીએ દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું. પાછલા ૧૨ વર્ષોમાં સરકાર સંપૂર્ણ આસ્થા સાથે આ જવાબદારી કેવી રીતે નિભાવી છે તેની વિગતો આપતા, પ્રધાનમંત્રીએ ભારત અને વિદેશમાં ગુરુ ગોવિંદ સિંહ જીના ૩૫૦મા પ્રકાશ પર્વ અને ગુરુ નાનક દેવજીના ૫૫૦મા પ્રકાશ પર્વની ઉજવણીનો ઉલ્લેખ કર્યો. તેમણે નોંધ્યું કે સ્મારક સિક્કા અને ટપાલ ટિકિટો બહાર પાડવામાં આવી હતી, વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી હતી, દેશભરમાં ગુરબાની કાર્યક્રમોનું આ યોજન કરવામાં આવ્યું હતું, અને ગુરુ તેગ બહાદુર જીના ૪૦૦મા પ્રકાશ પર્વ નિમિત્તે લાલ કિલ્લા ખાતે એક રાષ્ટ્રીય કાર્યક્રમ યોજાયો હતો. "આ જ ભાવના સાથે, અમે હાલમાં ગુરુ તેગ બહાદુર જીનો ૩૫૦મો શહીદી દિવસ પણ મનાવી રહ્યા છીએ," એમ પ્રધાનમંત્રી મોદીએ નોંધ્યું રાષ્ટ્ર ૨૬ ડિસેમ્બરે આગામી વીર બાલ દિવસ મનાવશે તેની નોંધ લેતા, પ્રધાનમંત્રીએ સમજાવ્યું કે બહાદુર સાહિબજાદાઓ ના શહીદી બલિદાન અને માતા ગુજરીના સંકલ્પની અમર ગાથા યુવા પેઢી સુધી પહોંચાડવા માટે આ રાષ્ટ્રીય ઉજવણી શરૂ કરવામાં આવી હતી. "જ્યારે આપણા બાળકો તે યુગની પરિસ્થિતિઓ, સાહિબજાદાઓ અને ગુરુઓએ કેવી રીતે શહીદી વહોરી અને આપણી આસ્થા કેવી રીતે સુરક્ષિત રહી તે વિશે શીખશે, ત્યારે આ જ્ઞાન અને પ્રેરણા રાષ્ટ્રને સમર્પિત યુવાનોનું નિર્માણ કરશે," એમ શ્રી મોદીએ દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું. ગુરુઓના ગૌરવની ઉજવણી કરવાના પ્રયાસો ભારતની સરહદોથી આગળ વિસ્તરે છે તે દર્શાવતા, પ્રધાનમંત્રીએ ફિલિપાઈન્સના સૌથી જૂના ગુરુદ્વારા, ખાલસા દીવાનની તેમની તાજેતરની મુલાકાતને યાદ કરી, જ્યાં ભારત સરકાર તેના પુનર્વિકાસને સમર્થન આપી રહી છે. "અમારો પ્રયાસ છે કે અમારા ગુરુઓનો પ્રકાશ દરેક વ્યક્તિ સુધી પહોંચે, અને તેમના આશીર્વાદથી ભારત નવી ઊંચાઈઓને સ્પર્શે," એમ પ્રધાનમંત્રી મોદીએ દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું. અરદાસ પ્રાર્થના 'નાનક નામ ચઢદી કલા, તેરે ભાણે સરબત દા ભલા' ને ટાંકતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું કે ગુરબાની સૌના કલ્યાણ માટે કામ કરવાનો સાર્વત્રિક ઉપદેશ આપે છે. "દરેકનું ભલું ઈચ્છવાનો વિચાર મનમાં ત્યારે જ જાગે છે જ્યારે આપણે દરેકને પોતાના માનવા લાગીએ," એમ શ્રી મોદીએ અવલોકન કર્યું. વિશ્વભરમાં ચાલી રહેલા સંઘર્ષોનો ઉલ્લેખ કરતા જ્યાં નિર્દોષ લોકો અને પરિવારો હિંસા અને અશાંતિનો સામનો કરી રહ્યા છે, પ્રધાનમંત્રીએ શાંતિ, દરેક પરિવારની સુરક્ષા અને દરેક વ્યક્તિ માટે ગરિમા પૂર્ણ જીવનની સાર્વત્રિક જરૂરિયાત પર ભાર મૂક્યો. "આવા સમયે, સરબત દા ભલાની ભાવના વધુ મહત્વપૂર્ણ બની જાય છે," એમ શ્રી મોદીએ દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું. ગુરુ સાહિબ દ્વારા આપવામાં આવેલા જીવન મૂલ્યોની સૌથી મોટી કસોટી રોજિંદા જીવનમાં થાય છે તેવું અવલોકન કરતા, પ્રધાનમંત્રીએ ડ્રગ્સના તાત્કાલિક સામાજિક પડકાર તરફ ધ્યાન દોર્યું. "જ્યારે કોઈ યુવાન વ્યસનની પકડમાં આવે છે, ત્યારે તેની સાથે સમગ્ર પરિવારના સપના ચકનાચૂર થઈ જાય છે," એમ શ્રી મોદીએ અવલોકન કર્યું. ભારતના દરેક યુવાન વ્યસનમુક્ત બને જેથી તેઓ સારી રીતે અભ્યાસ કરી શકે, પોતાના સપના પૂરા કરી શકે અને પોતાના પરિવારો તથા રાષ્ટ્રને ગૌરવ અપાવી શકે તેવો આહવાન કરતા, પ્રધાનમંત્રીએ પ્રકાશ પર્વની શુભેચ્છાઓ અને પરંપરાગત શીખ અભિવાદન સાથે સમાપન કરતા પહેલાં યુવાનોને સાચા માર્ગ પર માર્ગદર્શન આપવામાં પરિવારો, સંગત, ગુરુદ્વારાઓ અને સામાજિક સંસ્થાઓની મહત્વપૂર્ણ ભૂમિકાને રેખાંકિત કરી. "મને વિશ્વાસ છે કે ગુરુ સાહિબની કૃપા અને સમાજના સામૂહિક પ્રયાસોથી, આપણે આપણી નવી પેઢીને સુરક્ષિત અને ઉજ્જ્વળ ભવિષ્ય આપી શકીશું," એમ શ્રી મોદીએ દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું.

આણંદ ખાતે પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૯ મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી









કમલમ્,

આણંદ ખાતે પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૯મી જન્મજયંતી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિશેષ ઉપસ્થિત રહી દાદા ભગવાનના દર્શન કર્યા હતા અને મન, વચન તથા કર્મથી માનવ કલ્યાણની સેવા કરવા માટેના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. કાર્યક્રમની શરૂઆત પૂજ્યશ્રીના આગમન બાદ ભગવંતો અને દાદાને વંદન તથા ત્રિમંત્રના પઠન અને નમસ્કાર વિધિથી થઈ હતી. પૂજ્યશ્રી દ્વારા જન્મજયંતીનો સંદેશ પાઠવ્યા બાદ ભાવનાની સામાયિક કરવામાં આવી હતી. ઝૈજની મધ્યમાં બિરાજમાન દાદાશ્રીની મૂર્તિ તેમજ દાદા-નીરુમાના ફોટાનું ભાવપૂર્વક પૂજન કર્યા બાદ આરતી કરવામાં આવી હતી, જેમાં મુખ્યમંત્રીશ્રીએ પણ પૂજ્યશ્રી સાથે જોડાઈને આરતીનો લાભ લીધો હતો. આ પ્રસંગે સૌ વતી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દાદાશ્રી અને પૂજ્યશ્રીને હાર પહેરાવી અભિવાદન કર્યું હતું, જ્યારે પૂજ્યશ્રીના હસ્તે મુખ્યમંત્રીશ્રીને 'શંકા ભુક' (Shanka Boko) ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં પૂજ્યશ્રીએ આગામી જન્મજયંતી મહોત્સવ જામનગર ખાતે ઉજવવાની જાહેરાત કરતા જામનગરના મહાત્માઓએ સૌને ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૯ મી જન્મજયંતી મહોત્સવ પ્રસંગે મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, પ્રભારી મંત્રી શ્રી જંયતસિંહ મહિડા, મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી જીલુભા સિંધા, સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, મેયર શ્રી દિપીકાબેન પટેલ, ધારાસભ્ય સર્વ શ્રી યોગેશભાઈ પટેલ, શ્રી હર્ષદભાઈ પરમાર, શ્રી વિપુલભાઈ પટેલ, શ્રી ચિરાગભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી ઉત્સવ ગૌતમ, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતિ અને મ્યુનિસિપલ કમિશનર શ્રી આર.એન. ડોડીયા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં મહાત્માઓ અને મુમુક્ષુઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી.....

સુરક્ષિત શૌચાલયો, સમાન ભવિષ્ય''ના સંદેશ સાથે જૂનાગઢ જિલ્લાના ગામોમાં શૌચાલયોની સ્વચ્છતા, સુલભતા અને જાળવણી માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા વિભાગ (DDWS) દ્વારા તા. ૧૯ નવેમ્બરે ''વિશ્વ શૌચાલય દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે, જેની આ વર્ષની થીમ ''સુરક્ષિત શૌચાલયો, સમાન ભવિષ્ય'' રાખવામાં આવી છે. આ અવસરે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના હેઠળ તા. ૧૯ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી સમગ્ર રાજ્યની સાથે જૂનાગઢ જિલ્લાના તમામ ગામોમાં ''સ્વચ્છ શૌચાલય-ગરિમામય ભવિષ્ય'' વિશેષ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં વ્યક્તિગત, સામુદાયિક અને સંસ્થાકીય શૌચાલયોનું મૂલ્યાંકન, સમારકામ, પુનઃસ્થાપન અને યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરવાનો છે, જેમાં ખાસ કરીને મહિલાઓ, કિશોરીઓ અને દિવ્યાંગજનો માટે સુરક્ષિત તેમજ સરળતાથી ઉપલબ્ધ શૌચાલય સુવિધાઓ ઊભી કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ અભિયાન દરમિયાન પંચાયત કક્ષાએ સામુદાયિક સ્વચ્છતા સંકુલો (CS Cs), શાળાઓ, આંગણવાડી કેન્દ્રો અને પંચાયત ઘરો સહિતના સંસ્થાકીય શૌચાલયોનું કાર્યક્ષમતા અને સુલભતાના આધારે સઘન મૂલ્યાંકન કરી બિનકાર્યરત કે ક્ષતિગ્રસ્ત શૌચાલયોનું તાત્કાલિક ધોરણે સમારકામ તથા પુનઃસ્થાપન હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત, ગ્રામજનોમાં સ્વચ્છતા અંગે વ્યાપક જાગૃતિ લાવવા માટે વિવિધ માહિતી, શિક્ષણ અને સંચાર (IEC) પ્રવૃત્તિઓ, શાળા કક્ષાના કાર્યક્રમો અને સ્વચ્છતા ઝુંબેશના માધ્યમથી સાબુથી હાથ ધોવાનું મહત્વ, માનવ મળના સુરક્ષિત નિકાલ તથા ઘન કચરા વ્યવસ્થાપન નિયમ-૨૦૨૬ અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવશે. અભિયાનના અંતિમ તબક્કામાં તા. ૯ અને ૧૦ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ જિલ્લા અને ગ્રામ પંચાયત કક્ષાએ સમાપન કાર્યક્રમો યોજાશે, જેમાં સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત શૌચાલયો ધરાવતા શ્રેષ્ઠ લાભાર્થીઓ તથા સંસ્થાઓને પ્રોત્સાહન રૂપે સન્માનિત કરવામાં આવશે.

૨૬ નવેમ્બર- સંવિધાન ગૌરવ દિવસ અન્વયે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધિત કરતા ભાજપાના સિનિયર આગેવાન અને રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી આઈ. કે. જાડેજા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૬ નવેમ્બરને સંવિધાન ગૌરવ દિવસ તરીકે જાહેર કરી ડો. બાબાસાહેબ આંબેડકરના યોગદાનને રાષ્ટ્રીય સન્માન આપ્યું છે -શ્રી આઇ. કે. જાડેજા



ભાજપા સરકારે ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારો અને મૂલ્યોને વિવિધ જનકલ્યાણની યોજનાઓ થકી જનજન સુધી પહોંચાડી બંધારણનું ગૌરવ વધાર્યું છે-શ્રી આઇ. કે. જાડેજા

કમલમ્,

૨૬ નવેમ્બર- સંવિધાન ગૌરવ દિવસ અન્વયે આજે ભાજપાના સિનિયર આગેવાન અને રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી આઈ. કે. જાડેજાએ ગાંધીનગર ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધી હતી. આ પ્રસંગે તેમણે સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૫માં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે ૨૬ નવેમ્બરને સંવિધાન ગૌરવ દિવસ તરીકે જાહેર કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો હતો. આ નિર્ણય દ્વારા દેશના બંધારણના ઘડવૈયા અને લોકશાહીના મજબૂત પાયાના નિર્માતા ડૉ. બાબાસાહેબ આંબેડકરના અમૂલ્ય યોગદાનને રાષ્ટ્રીય સ્તરે યોગ્ય સન્માન આપવાનું કાર્ય થયું છે. આ અગાઉ પણ ભાજપા અને એનડીએની સરકારોએ વિવિધ કાર્યક્રમો અને પ્રયાસો દ્વારા બંધારણનું ગૌરવ વધારવાનું કાર્ય કર્યું છે. શ્રી આઈ. કે. જાડેજાએ જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરને બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી અને તેમણે દેશને એવું મજબૂત બંધારણ આપ્યું, જે વિશ્વની સૌથી મોટી લોકશાહીના પાયાને મજબૂત બનાવે છે. બંધારણનો મૂળ ઉદ્દેશ દરેક નાગરિકના અધિકારોનું જતન, વ્યક્તિગત સ્વતંત્રતા, રક્ષા અને સુરક્ષાની ખાતરી તથા સમાજના ગરીબ, પીડિત, શોષિત, વંચિત અને પછાત વર્ગોને વિકાસની સમાનતક પૂરી પાડવાનો છે. વર્ષ ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના પ્રધાનમંત્રી બન્યા બાદ બાબાસાહેબના વિચારોને રાષ્ટ્રની વિકાસયાત્રા સાથે જોડવા માટે અનેક ઐતિહાસિક પગલાં લેવામાં આવ્યાં છે. પંચતીર્થની રચના દ્વારા બાબાસાહેબના જીવન સાથે જોડાયેલા મહત્વપૂર્ણ સ્થળોને રાષ્ટ્રીય ઓળખ અપાઈ છે, જેથી તેમનું જીવન, સંઘર્ષ અને વિચારો આવનારી પેઢીઓ માટે પ્રેરણાસ્રોત બની રહે. ભાજપા સરકારે માત્ર સ્મારકોના નિર્માણ પૂરતું જ કાર્ય સીમિત રાખ્યું નથી, પરંતુ જનધન યોજના દ્વારા કરોડો લોકોને બેંકિંગ વ્યવસ્થા સાથે જોડવા, ડીબીટી મારફતે સરકારી સહાય સીધી લાભાર્થીઓના ખાતામાં પહોંચાડવા, ઉજ્જ્વલા યોજના દ્વારા ગરીબ

ભાજપા માટે સંવિધાન ગૌરવ દિવસ માત્ર ઉજવણી નહીં, પરંતુ ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારો અને બંધારણીય મૂલ્યોને જનજન સુધી પહોંચાડવાનો સંકલ્પ છે -શ્રી આઇ. કે. જાડેજા

પરિવારોને ગેસ જોડાણ, આયુષ્માન ભારત દ્વારા આરોગ્ય સુરક્ષા, પ્રધાનમંત્રી આવાસ યોજના અને સ્વચ્છ ભારત અભિયાન જેવી અનેક યોજનાઓ દ્વારા છેવાડાના માનવીનું સશક્તિકરણ કરવાનું કાર્ય કર્યું છે. આ તમામ પ્રયાસો બાબાસાહેબના સામાજિક ન્યાય, સમાનતા અને સશક્તિકરણના વિચારોને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં છે. કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતાં શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે, આજે રાહુલ ગાંધી હાથમાં બંધારણની નકલ લઈને વિવિધ કાર્યક્રમો અને પ્રદર્શનો કરે છે, પરંતુ કોંગ્રેસનો ઈતિહાસ બંધારણની ભાવનાના ઉલ્લંઘનથી ભરેલો છે. બંધારણની નકલ હાથમાં રાખવી અને તેના મૂલ્યોનું પાલન ન કરવું એ કોંગ્રેસની બેવડી માનસિકતા દર્શાવે છે. દેશ કટોકટીના કાળા દિવસોને ક્યારેય ભૂલી શકે તેમ નથી. તત્કાલીન પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદીને પ્રેસની સ્વતંત્રતા પર અંકુશ મૂક્યો અને હજારો નાગરિકોને જેલમાં ધકેલી દીધા હતા. આ બંધારણની ભાવનાની ખુલ્લેઆમ અવગણના હતી. તેમણે કહ્યું કે, કોંગ્રેસના શાસનકાળમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાનને પણ યોગ્ય સન્માન આપવામાં આવ્યું નહોતું. સંસદના સેન્ટ્રલ હોલમાં તેમની તસવીર મૂકવા માટે પણ યોગ્ય સન્માન અને પહેલનો અભાવ રહ્યો હતો તથા તેમને જીવિત અવસ્થામાં સતત અન્યાય કરવામાં આવ્યો હતો. કોંગ્રેસના શાસનમાં તેમને ભારત રત્ન પણ આપવામાં આવ્યો નહોતો; જ્યારે ભાજપા સમર્થિત એનડીએ સરકારના શાસનકાળમાં વર્ષ ૧૯૯૦માં તેમને મરણોત્તર ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુમાં, કલમ ૩૭૦ અંગે બાબાસાહેબે વ્યક્ત કરેલા વિરોધનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, કાશ્મીરને લગતી આ જોગવાઈના કારણે દેશની એકતા અને અખંડિતતાના પ્રશ્નો ઊભા થયા હતા. કોંગ્રેસે પોતાના શાસનકાળમાં કલમ ૩૫૬નો પણ વારંવાર દુરુપયોગ કર્યો હતો અને વિવિધ રાજ્યોની ચૂંટાયેલી અનેક સરકારોને બરખાસ્ત કરી અંદાજે ૯૦ વખત રાષ્ટ્રપતિ શાસન લાદ્યું હતું. આમ, જે કોંગ્રેસ આજે બંધારણના રક્ષણની વાત કરે છે, તેના જ શાસનમાં બંધારણનું સૌથી વધુ વખત અપમાન થયું છે. શ્રી આઈ. કે. જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારોને સાચા અર્થમાં સમર્થન આપીને તેને જનજન સુધી પહોંચાડવા માટે સતત કાર્યરત છે. બાબાસાહેબના સામાજિક ન્યાય, સમાનતા અને સર્વસમાવેશક વિકાસના વિચારોને કેન્દ્રસ્થાને રાખીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અનેક જનકલ્યાણકારી યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. દેશના કરોડો જરૂરિયાતમંદ નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું કાર્ય આ યોજનાઓ દ્વારા થયું છે. તેમણે કહ્યું કે, ભાજપા માટે સંવિધાન ગૌરવ દિવસ માત્ર એક ઉજવણી નથી, પરંતુ બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાન, તેમના વિચારો અને તેમના સંઘર્ષને સાચું સન્માન આપવાનો સંકલ્પ છે. બીજી તરફ, બંધારણના નામે રાજનીતિ કરતી કોંગ્રેસે પોતાના શાસનકાળમાં બંધારણનું વારંવાર અપમાન અને ઉલ્લંઘન કર્યું છે. આજે બંધારણની નકલ લઈને ફરનારા લોકોના આવા બેવડા વલણને દેશની જનતા સારી રીતે સમજી રહી છે. આ પત્રકાર પરિષદમાં ગાંધીનગર મહાનગર ભાજપા પ્રમુખ શ્રી આશિષભાઈ દવે, મેયર શ્રી રૂપસિંહ ઠાકોર, ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, પ્રદેશ મીડિયા સહ ઈન્ચાર્જ શ્રી કલ્પભાઈ પટેલ તથા શહેર મહામંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતાં.

સાબરકાંઠા ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ દિવસ અંતર્ગત પત્રકાર પરિષદ યોજાઈ

મુખ્ય વક્તા ધારાસભ્ય રમણલાલ વોરા તથા જીલ્લા ભાજપ પ્રમુખ કનુભાઇ પટેલે પત્રકાર પરિષદ સંબોધી હતી



કમલમ્, ઈકબાલ મેમણ

ભારતીય જનતા પાર્ટી, સાબરકાંઠા દ્વારા 'સંવિધાન ગૌરવ દિવસ - ૨૬ નવેમ્બર' અંતર્ગત જિલ્લા કક્ષાની પત્રકાર પરિષદ યોજાઈ હતી. સોમવાર, તા. ૨૩-૧૧-૨૦૨૬ ના રોજ હિંમતનગર ખાતે આવેલા નવા સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી આ પત્રકાર પરિષદમાં ધારાસભ્ય રમણલાલ વોરાએ જણાવેલ કે, ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણસભાએ દેશનું બંધારણ સ્વીકાર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૫માં ૨૬ નવેમ્બરને 'સંવિધાન ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો. ધારાસભ્ય રમણલાલ વોરાએ જણાવેલ કે, ડૉ. બાબાસાહેબે સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુતાના મૂલ્યો બંધારણમાં આપ્યા છે. મોદી સરકારે બાબાસાહેબના પાંચ સ્થળોને પંચતીર્થ તરીકે વિકસાવ્યા છે. ધારાસભ્ય રમણલાલ વોરાએ કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવેલ કે, આજે કોંગ્રેસ બંધારણની નકલ લઈને ફરે છે, પરંતુ ઈન્દિરા ગાંધીએ ૨૫ જૂન ૧૯૭૫ના રોજ કટોકટી લાદી લોકશાહીની હત્યા કરી હતી. કોંગ્રેસે બાબાસાહેબને ક્યારેય યોગ્ય મહત્વ આપ્યું નહીં. અંતમાં ધારાસભ્ય રમણલાલ વોરાએ જણાવેલ કે, ભાજપ માને છે કે બંધારણ દેશની એકતા અને લોકશાહીની આધારશિલા છે. જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે નૂતન વર્ષ અંગે પત્રકારોને શુભેચ્છા પાઠવી અને જણાવેલ કે તમારો સૌનો જિલ્લા ભાજપ વતી આભાર માનું છું તમે સૌએ પક્ષના તમામ સમાચારો, ઈલેક્ટ્રોનિક્સ મીડિયામાં સ્થાન આપેલ છે. પત્રકાર પરિષદમાં સાંસદ શોભનાબેન બારૈયા, જિલ્લા પંચાયત પ્રમુખ રીનાબેન પટેલ, ધારાસભ્ય વી.ડી. ઝાલા, જિલ્લા મહામંત્રી પ્રેમલ દેસાઈ, ગણપતસિંહ ઝાલા, ભાનુભાઈ દેસાઈ, કૃષ્ણવદન પરમાર અને પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

બારડોલી તાલુકામાં રૂ. ૧૨.૮૫ કરોડના વિકાસકાર્યોને વેગ

ધારાસભ્ય ઈશ્વર પરમારના હસ્તે વિવિધ ગામોમાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ



કમલમ્, મયુર પટેલ

૧૬૯-બારડોલી વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ બારડોલી તાલુકામાં ગુજરાત સરકાર દ્વારા રૂ. ૧૨૮૫ લાખ (રૂ. ૧૨.૮૫ કરોડ)ના ખર્ચે હાથ ધરાનારા વિવિધ વિકાસકાર્યોને વેગ આપવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના હસ્તે વિવિધ ગામોમાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બમરોલી, પથરાડીયા, બાબલા અને છીત્રા ગામે નવીન ગ્રામ પંચાયત ઘર બનાવવાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જ્યારે તરભોણ ગામ ખાતે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ કરી ગ્રામજનોને અર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઈસરોલી ગામે રામદેવજી મંદિરથી દ્રઉઁ-૫૩ને જોડતા રોડ, ઈસરોલી ગ્રામ પંચાયતથી આફવા ગ્રામ પંચાયતને જોડતા રોડ તથા વડોલી-બાબલા એપ્રોચ રોડના નિર્માણકાર્યોનું પણ ધારાસભ્યશ્રીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યો પૂર્ણ થવાથી ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ વધુ સુદૃઢ બનશે, ગ્રામ પંચાયતોને સુવિધાયુક્ત ભવનો મળશે તેમજ માર્ગ સુવિધામાં સુધારો થતાં ગ્રામજનોની અવરજવર વધુ સરળ બનશે. ગુજરાત સરકારની ગ્રામ્ય વિકાસને પ્રાથમિકતા આપવાની પ્રતિબદ્ધતાના ભાગરૂપે બારડોલી તાલુકામાં થઈ રહેલા આ વિકાસકાર્યો સ્થાનિક નાગરિકોના જીવનધોરણને વધુ સુખાકારી બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

ભારત અને નેપાળના પ્રધાનમંત્રીઓની ઉપસ્થિતિમાં NFSU અને નેપાળ પોલીસ વચ્ચે સમજૂતી કરાર (MoU) થયા

ફોરેન્સિક સંશોધન અને જ્ઞાનના આદાન-પ્રદાનને વેગ આપવા NFSU નેપાળ પોલીસને સહયોગ આપશેઃ પ્રો. જુનારે



કમલમ્,

ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી અને નેપાળના પ્રધાનમંત્રી શ્રી બાલેન્દ્ર શાહની વિશેષ ઉપસ્થિતિમાં, સોમવારે નેપાળ પોલીસના ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (CID) અને ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી (NFSU) વચ્ચે એક સમજૂતી કરાર (MoU) નું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. આ કરારનો ઉદ્દેશ્ય ફોરેન્સિક વિજ્ઞાનના ક્ષેત્રમાં શૈક્ષણિક, સંશોધન અને ક્ષમતા નિર્માણના સહયોગને વધુ મજબૂત બનાવવાનો છે. આ સમજૂતી કરાર પર NFSU ના કાર્યકારી કુલપતિ પ્રો. (ડૉ.) એસ. ઓ. જુનારે અને નેપાળ સરકારના ગૃહ મંત્રાલયના COSC વિભાગના સંયુક્ત સચિવ શ્રી આનંદકાફલેએ હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર ફોરેન્સિક શિક્ષણ, સંશોધન અને વૈજ્ઞાનિક તપાસના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સહયોગને આગળ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ બની રહેશે. NFSU ના કાર્યકારી કુલપતિ પ્રો. (ડૉ.) એસ. ઓ. જુનારેએ જણાવ્યું હતું કે, આ સહયોગનો હેતુ બંને સંસ્થાઓ વચ્ચે શિક્ષણ, સંશોધન, તાલીમ અને જ્ઞાનના આદાન-પ્રદાનમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવાનો છે. આ સહયોગ ફોરેન્સિક બાયોલોજી, ફોરેન્સિક કેમિસ્ટ્રી, ટોક્સિકોલોજી, સીરોલોજી, ક્વેશ્ચન્ડ ડોક્યુમેન્ટ્સ એક્ઝામિનેશન અને ફિંગરપ્રિન્ટ એનાલિસીસ જેવા વિશિષ્ટ ક્ષેત્રોપર ધ્યાન કેન્દ્રિત કરશે. તેના માધ્યમથી બંને દેશોમાં ફોરેન્સિક પદ્ધતિઓ અને ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમના વિકાસમાં વધુ વેગ પ્રાપ્ત થશે. આ સમજૂતી કરારના આદાન-પ્રદાન પ્રસંગે ભારત અને નેપાળના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સરસ્વતી મહાવિદ્યાલય, સુરતમાં ૩૩મું અખિલ ભારતીય રાષ્ટ્રભાષા પ્રચાર સંમેલન સંપન્ન

દેશભરના સાહિત્યકારો, શિક્ષણવિદો, કવિઓ અને હિન્દી સેવીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર અને સાહિત્યિક ચર્ચા-વિચારણા અંગે વ્યાપક મંથન થયું





કમલમ્,

રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધાના નેજા હેઠળ આયોજિત ૩૩મું અખિલ ભારતીય રાષ્ટ્રભાષા પ્રચાર સંમેલન ૨૧ અને ૨૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સુરતમાં ગૌરવપૂર્ણ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયું. ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ તથા રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ, સુરતના સંયુક્ત ઉપક્રમે અને શ્રી સરસ્વતી મહાવિદ્યાલય, સુરતના સહયોગથી આયોજિત આ બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનમાં દેશનાં વિવિધ રાજ્યોમાંથી આવેલા હિન્દીપ્રેમીઓ, પ્રતિષ્ઠિત સાહિત્યકારો, શિક્ષણવિદો, કવિઓ, પત્રકારો, સંશોધકો તેમજ હિન્દી ભાષાની સેવા માટે સમર્પિત પ્રતિનિધિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંમેલનનો મુખ્ય હેતુ હિન્દી ભાષાના પ્રચાર-પ્રસારને નવી ગતિ આપવાનો, સાહિત્યિક અને સાંસ્કૃતિક ચેતનાને પ્રોત્સાહન આપવાનો તેમજ વર્તમાન સમયમાં હિન્દી ભાષાની ભૂમિકા, પડકારો અને સંભાવનાઓ અંગે સાર્થક વિચાર-વિમર્શ કરવાનો હતો. સંમેલનનો ઉદ્ઘાટન સમારોહ શનિવાર, ૨૧ નવેમ્બરના રોજ યોજાયો હતો. ઉદ્ઘાટન સત્રની અધ્યક્ષતા ડૉ. રવિકાંત દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ડૉ. વિકાસ દવે, વિશિષ્ટ અતિથિ તરીકે શ્રીમતી સવિતાજી શારદા તથા સ્વાગત અને સંસ્થાના પરિચય માટે ડૉ. હેમચંદ્ર વૈદ્ય ઉપસ્થિત રહ્યા હતા. શ્રી શરદ જોશી અને શ્રી અતુલ પાઠકજીએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. સુનીલ દેવધરે કર્યું હતું જ્યારે આભારવિધિ શ્રી મહેશ અગ્રવાલ દ્વારા કરવામાં આવી હતી. ઉદ્ઘાટન સત્ર બાદ યોજાયેલા કવિ સંમેલનમાં દેશભરમાંથી આમંત્રિત કવિઓએ પોતાની કાવ્યરચનાઓ દ્વારા શ્રોતાઓને સાહિત્યિક રસથી તરબોળ કર્યા હતા. કવિતાઓમાં ભાષા, સંસ્કૃતિ, રાષ્ટ્રપ્રેમ, સામાજિક સરોકાર અને માનવીય સંવેદનાઓની સુંદર અભિવ્યક્તિ જોવા મળી હતી. સંમેલનના બીજા દિવસે, રવિવાર, ૨૨ નવેમ્બરના રોજ ચાર મહત્ત્વપૂર્ણ વિચારાત્મક સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ સત્રનો વિષય 'હિન્દી-ગુજરાતી આંતરસંબંધ' હતો, જેમાં બને ભાષાઓના સાહિત્યિક, સાંસ્કૃતિક અને ભાષાકીય સંબંધો અંગે વક્તાઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. બીજા સત્રમાં 'હિન્દીમાં યુવા લેખન' વિષય અંતર્ગત યુવા સર્જકોની ભૂમિકા, તેમની અભિવ્યક્તિ, લેખન ક્ષેત્રે પડકારો તેમજ સમકાલીન હિન્દી સાહિત્યમાં તેમના યોગદાન અંગે ચર્ચા કરવામાં આવી હતી. ત્રીજું સત્ર 'હિન્દી પત્રકારિતાનાં ૨૦૦ વર્ષ' વિષયને સમર્પિત હતું. આ સત્રમાં હિન્દી પત્રકારિતાની વિકાસયાત્રા, સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેની ભૂમિકા, બદલાતા મીડિયા પરિદૃશ્ય તેમજ વર્તમાન સમયમાં પત્રકારિતાની વિશ્વસનીયતા, વ્યાવસાયિકતા અને નૈતિક મૂલ્યો જેવા મહત્ત્વપૂર્ણ પાસાઓ પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. ચોથા સત્રનો વિષય 'મહિલા સશક્તિકરણમાં સાહિત્યની ભૂમિકા' હતો. આ સત્રમાં મહિલા સાહિત્યકારોનું યોગદાન, સાહિત્યમાં મહિલા ચેતના, સામાજિક પરિવર્તન તેમજ મહિલાઓની સમસ્યાઓ અને સિદ્ધિઓને સાહિત્યના માધ્યમથી રજૂ કરવા જેવા વિષયો પર વક્તાઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

બે દિવસીય સંમેલનનો સમાપન સમારોહ ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ અને વિશિષ્ટ અતિથિઓની ઉપસ્થિતિમાં સંમેલનમાં ભાગ લેનાર પ્રતિનિધિઓ, સાહિત્યકારો તેમજ હિન્દી ભાષાના પ્રચાર-પ્રસારમાં યોગદાન આપનાર વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સંમેલનનાં વિવિધ સત્રો દ્વારા હિન્દી ભાષા અને સાહિત્યનાં વિવિધ આયામો અંગે સાર્થક સંવાદ અને વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ રાષ્ટ્રીય આયોજનમાં દેશના વિવિધ વિસ્તારોમાંથી આવેલા સાહિત્યકારો અને હિન્દી સેવીઓની સહભાગિતાને કારણે બે દિવસ સુધી સુસ્ત સાહિત્યિક અને બૌદ્ધિક પ્રવૃત્તિઓનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બન્યું હતું. આ સંમેલને હિન્દી ભાષા પ્રત્યેની નિષ્ઠા અને પ્રતિબદ્ધતાને અભિવ્યક્ત કરવાની સાથે વિવિધ ભાષાઓ, સાહિત્યિક પરંપરાઓ અને વિચારો વચ્ચે સંવાદ તથા સમન્વય સ્થાપિત કરવા માટે એક સશક્ત મંચ પૂરું પાડ્યું હતું. શ્રી સરસ્વતી મહાવિદ્યાલય, સુરતના સહયોગથી સંપન્ન થયેલું આ આયોજન મહાવિદ્યાલયની શૈક્ષણિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક બન્યું હતું. આ આયોજનના માધ્યમથી મહાવિદ્યાલયને રાષ્ટ્રીય સ્તરના સાહિત્યકારો, શિક્ષણવિદો અને હિન્દીપ્રેમીઓ સાથે જોડાવાની મહત્ત્વપૂર્ણ તક પ્રાપ્ત થઈ હતી. સંમેલનની સફળતાએ હિન્દી ભાષાના સંવર્ધન, સાહિત્યિક ચેતનાના વિસ્તાર તથા રાષ્ટ્રભાષા પ્રત્યે જનજાગૃતિના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો. આ પ્રસંગે જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી વીરેન્દ્ર શારદા અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. યોગિતા શારદાએ સંમેલનના સફળ આયોજન બદલ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના તમામ પદાધિકારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

સ્પેક એન્જિનિયરિંગ, બાકરોલ દ્વારા ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું.



કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરના મિકેનિકલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે ફોર્ડ સાણંદ પ્લાન્ટની ઔદ્યોગિક મુલાકાતનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગની કાર્યપ્રણાલી, ઉત્પાદન પ્રક્રિયા અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓનો પ્રત્યક્ષ અનુભવ કરાવવાનો તેમજ વર્ગખંડમાં મેળવેલા સૈદ્ધાંતિક જ્ઞાનને વાસ્તવિક ઔદ્યોગિક કામગીરી સાથે જોડવાનો હતો. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. નાનકપમનાણી, વાઈસ પ્રિન્સિપાલ અને આઈ.ક્યુ.એ.સી. કૉ-ઓર્ડિનેટર ડૉ. ઋત્વિજ જોશીના તથા મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના હેડ શ્રી જય પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ ઔદ્યોગિક મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક અને અનુભવપૂર્ણ બની રહી હતી. આ મૂલ્યવાન શૈક્ષણિક તક પૂરી પાડવા બદલ સંસ્થાના મેનેજમેન્ટ તથા ફોર્ડ સાનંદ પ્લાન્ટની સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ મુલાકાત દરમિયાન શ્રી નિપુર્ણ ગોસાઈ અને શ્રી અમન પટેલે વિદ્યાર્થીઓ સાથે રહી માર્ગદર્શન અને સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

૨૬ નવેમ્બર- સંવિધાન ગૌરવ દિવસ અન્વયે જૂનાગઢ ખાતે પત્રકાર પરિષદને સંબોધિત કરતા ગુજરાત ભાજપાના પ્રદેશ મીડિયા ઇન્ચાર્જશ્રી પ્રશાંતભાઈ વાળા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ડો. બાબાસાહેબના વિચારો અને જીવનમૂલ્યોને માત્ર સ્મારકો અને ઉજવણીઓ પૂરતા મર્યાદિત ન રાખી ગરીબ, વંચિત, શોષિત અને પછાત વર્ગોના સશક્તિકરણની નીતિઓમાં સ્થાન આપવામાં આવ્યું છે -શ્રી પ્રશાંતભાઈ વાળા

કમલમ્,
ગુજરાત ભાજપાના પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ શ્રી પ્રશાંતભાઈ વાળાએ ૨૬ નવેમ્બર – સંવિધાન ગૌરવ દિવસ અન્વયે જૂનાગઢ મહાનગર ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું. તેમણે આ પ્રસંગે જણાવ્યું કે ભારતીય લોકશાહીના ઇતિહાસમાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ન દિવસ અત્યંત ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ સ્વીકાર્યું હતું. દેશના લોકતંત્ર, નાગરિક અધિકારો અને સામાજિક ન્યાયના પાયાને મજબૂત બનાવનાર આ ઐતિહાસિક દિવસને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૫માં ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે 'સંવિધાન ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ બંધારણીય મૂલ્યો પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં ૨૬ નવેમ્બર, ૨૦૧૦ના રોજ સુરેન્દ્રનગર ખાતે હાથીની અંબાડી ઉપર બંધારણ મૂકીને યાત્રા કાઢવામાં આવી હતી. આ અગાઉ ૧૯૭૮ની સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનની પહેલથી ૨૬ નવેમ્બરના દિવસને કાનૂન દિવસ તરીકે ઉજવવામાં આવતો હતો. આમ, સંવિધાન પ્રત્યેનો આદર અને બંધારણીય મૂલ્યોની ઉજવણીને વ્યાપક જનભાગીદારી સાથે રાષ્ટ્રીય ગૌરવના પર્વ તરીકે પ્રસ્થાપિત કરવાનું કાર્ય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયું છે. શ્રી પ્રશાંતભાઈ વાળાએ જણાવ્યું હતું કે, ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરે સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુતાના મૂલ્યોને બંધારણમાં સ્થાન આપીને દેશના દરેક નાગરિકના અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કર્યું છે. મહિલાઓના અધિકારો, શ્રમિકોના હિતો, સામાજિક ન્યાય, શિક્ષણ અને વંચિત વર્ગોના ઉત્થાન માટે બાબાસાહેબનું યોગદાન અવિસ્મરણીય છે. બાબાસાહેબનું સમગ્ર જીવન સર્વસમાવેશક વિચારધારા અને સામાજિક સમરસતાની પ્રેરણા આપનારું રહ્યું છે. તેમના વિચારોને કોઈ એકજાતિ, સમાજકે વર્ગ પૂરતા મર્યાદિત કરી શકાય નહીં. તેઓ સમગ્ર રાષ્ટ્રના મહાન વિચારક અને બંધારણીય મૂલ્યોના પ્રણેતા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે બાબાસાહેબના જીવન અને વિચારોને નવી પેઢી સુધી પહોંચાડવા માટે અનેક ઐતિહાસિક પહેલ કરી છે. બાબાસાહેબના જીવન સાથે જોડાયેલાં પાંચ મહત્વપૂર્ણ સ્થળોને 'પંચતીર્થ' તરીકે વિકસાવવાનું કાર્ય કરવામાં આવ્યું છે. જે મા મધ્યપ્રદેશનું જન્મભૂમિ મહુ, લંડનનું શિક્ષણભૂમિ, નાગપુરની દીક્ષાભૂમિ, દિલ્હીની મહાપરિનિર્વાણ ભૂમિ અને મુંબઈની ચૈત્યભૂમિનો સમાવેશ થાય છે. દિલ્હીના ૨૬, અલીપુર રોડ ખાતે બાબાસાહેબના મહાપરિનિર્વાણ સ્થળે ભવ્ય રાષ્ટ્રીય સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત દિલ્હીમાં ડૉ. આંબેડકર ઇન્ટરનેશનલ સેન્ટરની સ્થાપના કરીને તેમના વિચારો, સંશોધન અને જીવનદર્શનને નવી પેઢી સુધી પહોંચાડવા નો પ્રયાસ કરવામાં આવ્યો છે. ડિજિટલ પેમેન્ટ એપનું નામ 'BHIM' રાખીને પણ બાબાસાહેબને વિશેષ સન્માન આપવામાં આવ્યું છે. કૉંગ્રેસ પર આકરા પ્રહાર કરતાં શ્રી પ્રશાંતભાઈ વાળાએ જણાવ્યું હતું કે, આજે કૉંગ્રેસ હાથમાં બંધારણની નકલ લઈને લોકશાહી અને બંધારણના રક્ષણની વાતો કરે છે, પરંતુ દેશનો ઇતિહાસ સાક્ષી છે કે કૉંગ્રેસે જ સત્તાના અહંકારમાં લોકશાહીના મૂળભૂત મૂલ્યોનું સૌથી મોટું હનન કર્યું હતું. ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ દેશમાં કટોકટી લાદીને લોકશાહીને બંધક બનાવી દીધી હતી. કટોકટીના ૨૧ મહિના દરમિયાન નાગરિકોના મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતાઓ છીનવી લેવામાં આવી હતી. અનેક નાગરિકો પર દમન ગુજારવામાં આવ્યું હતું, સેંકડો નાગરિકને કોઈ યોગ્ય કારણ વિના જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા અને પ્રેસ તથા મીડિયા પર સેન્સરશિપ લાદીને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર તરાપ મારવામાં આવી હતી. આજે બંધારણના નામે રાજનીતિ કરતી કૉંગ્રેસનો ઇતિહાસ લોકશાહીના હનનથી ખરડાયેલો છે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કૉંગ્રેસે દાયકાઓ સુધી દેશ પર શાસન કર્યું હોવા છતાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો અને સામાજિક ન્યાયના મુદ્દાઓને જોઈએ તેવું રાષ્ટ્રીય મહત્ત્વ આપ્યું નહોતું. બાબાસાહેબના જીવનકાળ દરમિયાન જ કૉંગ્રેસ સાથે તેમના અનેક રાજકીય અને વૈચારિક મતભેદો રહ્યા હતા. દેશના બંધારણના ઘડવૈયા અને પ્રથમ કાયદા મંત્રી હોવા છતાં બાબા સાહેબ બને લોકસભામાં પહોંચતા રોકવા માટે કૉંગ્રેસે તેમની સામે ઉમેદવાર ઊભા રાખીને તેમને હરાવવાનું ષડયંત્ર રચ્યું હતું. આજે એ જ કૉંગ્રેસ રાજકીય સ્વાર્થ અને સત્તાની લાલસામાં બાબાસાહેબના નામનો ઉપયોગ કરીને સહાનુભૂતિ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. કૉંગ્રેસની કથની અને કરણી વચ્ચેનો આ વિરોધાભાસ દેશની જનતા સારી રીતે જાણે છે. જે પક્ષે કટોકટી લાદીને લોકશાહીને કચડી હતી, તે પક્ષ આજે લોકશાહીના રક્ષણની વાત કરે તે મોટો રાજકીય દંભ છે. શ્રી વાળાએ જણાવ્યું હતું કે, બાબાસાહેબનું સ્વપ્ન હતું કે દેશના દરેક નાગરિકને સમાન તક, સમાન અધિકાર અને સન્માનપૂર્ણ જીવન મળે. આ સ્વપ્નને સાકાર કરવાની દિશામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રસરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્ર સાથે સતત કાર્યરત છે. બાબાસાહેબના વિચારોને માત્ર સ્મારકો અને ઉજવણીઓ પૂરતા મર્યાદિત રાખવાને બદલે ગરીબ, વંચિત, શોષિત અને પછાત વર્ગોના સશક્તિકરણની નીતિઓમાં સ્થાન આપવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું કે જનધન યોજના દ્વારા કરોડો ગરીબ પરિવારોને બૅંકિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવ્યા છે. ઉજ્જવલા યોજના દ્વારા ગરીબ પરિવારોની મહિલાઓને ગેસ કનેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે. આયુષ્માન ભારત યોજના દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને આરોગ્ય સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા ગરીબ પરિવારોને પાકાં મકાનો આપવાનું કાર્ય કરવામાં આવ્યું છે. સ્વચ્છ ભારત અભિયાન દ્વારા શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવીને ખાસ કરીને મહિલાઓના અનુરૂપ નવી શિક્ષણ નીતિ અને કૌશલ્ય વિકાસની પહેલો દ્વારા યુવાનો માટે શિક્ષણ, રોજગાર અને પ્રગતિની નવી તકો ઊભી કરવામાં આવી રહી છે. અંતમાં શ્રી પ્રશાંતભાઈ વાળાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી માને છે કે બંધારણ એ દેશની એકતા, અખંડિતતા, સામાજિક સમરસતા અને લોકશાહીનો મજબૂત પાયો છે. ભાજપાની સરકાર બંધારણના મૂળભૂત માળખા, લોકશાહી સંસ્થાઓ અને નાગરિકોના અધિકારોનું સન્માન કરવા તથા તેનું રક્ષણ કરવા પ્રતિબદ્ધ છે. આજે ગૌરવ સાથે કહી શકાય કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરને રાષ્ટ્રીય ગૌરવના કેન્દ્રમાં સ્થાપિત કરવાનું કાર્ય થયું છે. સંવિધાન ગૌરવ દિવસ માત્ર એક દિવસની ઉજવણી નહીં, પરંતુ બંધારણીય મૂલ્યોને જીવનમાં ઉતારવા, સામાજિક સમરસતાને મજબૂત બનાવવા અને દરેક નાગરિકને ન્યાય, સમાનતા તથા સન્માન મળે તે માટેની આપણી સામૂહિક પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. આ પત્રકાર પરિષદમાં જૂનાગઢ મહાનગર ભાજપાના અધ્યક્ષ શ્રી ગૌરવભાઈ રૂપારેલિયા, જૂનાગઢ જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી ચંદુભાઈ મકવાણા, મેયરશ્રી ધર્મશભાઈ પોશિયા, જૂનાગઢ મહાનગર મીડિયા ઇન્ચાર્જ શ્રી સંજયભાઈ પંડ્યા તથા સહ ઇન્ચાર્જ શ્રી સુરેશભાઈ પાનસુરીય ઉપસ્થિત રહ્યા હતાં.



પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીની જનસેવા અને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રની કામગીરીને બિરદાવી: રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રીશ્રી પ્રત્યે વ્યકત કર્યો હૃદયપૂર્વકનો આભાર

આચાર્ય દેવવ્રતજીએ ગવર્નર પદની ગરિમા વધારીને સાર્વજનિક જીવનમાં રાષ્ટ્રહિત અને સમાજહિત માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છેઃ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી



કમલમ્,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના લોકકલ્યાણકારી કાર્યો, સામાજિક સમરસતા, સ્વચ્છતા અભિયાન તેમજ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે કરવામાં આવી રહેલા પ્રયાસોની મુક્તકંઠે પ્રશંસા કરી છે. પ્રધાનમંત્રીશ્રીના આ પ્રેરણાદાયી અને પ્રોત્સાહક ઉદ્ગારો બદલ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમનો અત્યંત વિનમ્રતા પૂર્વક અને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યપાલશ્રીના કાર્યોને બિરદાવતા જણાવ્યું હતું કે, "એક સક્રિય સમાજસેવી ગવર્નર પદની ગરિમા કેવી રીતે વધારે અને ગુજરાતના તાણાવાણા સાથે કેવી રીતે સહજતાથી ભળી જાય, તેનું ઉત્તમ ઉદાહરણ આચાર્ય દેવવ્રતજીએ પૂરું પાડ્યું છે". પ્રધાનમંત્રીશ્રીએ વધુમાં ઉલ્લેખ કર્યો હતો કે આચાર્ય દેવવ્રતજી ગામડાંઓમાં જઈને વંચિત અને દલિત પરિવારોને અત્યંત સહજ રીતે પોતાના બનાવી રહ્યા છે, જેના પરિણામે સેંકડો પરિવારોને આજે ગુજરાતનું લોકભવન પોતાનું ઘર લાગવા માંડ્યું છે.

આ 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્રનું જીવંત સ્વરૂપ છે. આ ઉપરાંત, રાજ્યપાલ લક્ષ્મીનાના નેતૃત્વમાં પ્રાકૃતિક ખેતીનું ક્ષેત્ર ખૂબ જ પ્રોત્સાહક રીતે આગળ વધી રહ્યું છે, જે આગામી ૧૦૦ વર્ષ માટે ગુજરાતની ધરતી માતાની રક્ષા અને સમૃદ્ધિનો મજબૂત પાયો નાખશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ સ્નેહપૂર્ણ શબ્દો અને પ્રોત્સાહન બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, માનનીય પ્રધાનમંત્રીશ્રીના આ પ્રેરણાદાયી શબ્દો મારા માટે અત્યંત ગૌરવ અને આનંદનો વિષય છે. પ્રધાનમંત્રીશ્રીની દૂરદર્શી વિચારસરણી, તેમનું માર્ગદર્શન અને રાષ્ટ્ર પ્રથમનાં સંકલ્પ જ આપણને સૌને સમાજના અંતિમ છેવાડાના માનવી સુધી પહોંચવા અને પ્રકૃતિના જતન માટે સતત કાર્યરત રહેવાની પ્રેરણા આપે છે. રાજ્યપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ, સામાજિક સમરસતા અને સ્વચ્છતાનું આ જનઆંદોલન વધુ વ્યાપક બનીને વિકસિત ભારત જ ૨૦૪૭ના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

ઉર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા ગિરનાર લીલી પરિક્રમામાં સહભાગી બન્યાં: બોરદેવી માતાજીનાં ભાવપૂર્વક દર્શન કર્યા

ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે સુરક્ષા વ્યવસ્થા માટેના સીસીટીવી મોનિટરિંગ સેન્ટરની કામગીરીનું નિરીક્ષણ કર્યું

રાજ્યમંત્રીશ્રીએ પરિક્રમાના રૂટ પર ભાવિકો સાથે સંવાદ કરી પ્રતિભાવો મેળવ્યા : અન્નક્ષેત્રોની મુલાકાત લઈ સ્વયંસેવકોની સેવા ભાવનાને બિરદાવી



કમલમ્, જૂનાગઢ
ઊર્જા રાજ્યમંત્રી તથા જૂનાગઢ જિલ્લાના સહ પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા પાવનકારી ગિરનાર લીલી પરિક્રમામાં સહભાગી બન્યા હતા. તેમણે બોરદેવી માતાજીનાં ભાવપૂર્વક દર્શન કર્યા હતાં. આ દરમિયાન પરિક્રમા માર્ગ પર પરિક્રમાર્થીઓ સાથે સંવાદ સાધી તેમની પાસેથી પરિક્રમાના પ્રતિભાવો પણ મેળવ્યા હતા. ઉપરાંત, લાખો પરિક્રમાર્થીઓને ભોજન પ્રસાદ પીરસી રહેલા અન્નક્ષેત્રોની મુલાકાત લઈ સેવાભાવી સંચાલકો અને સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવા ભાવનાને બિરદાવી હતી. આ મુલાકાત પૂર્વે રાજ્યમંત્રીશ્રીએ ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સુધીર આડેદરા પાસેથી ગિરનાર લીલી પરિક્રમા સંદર્ભે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. તેમણે ભક્તનાથ પોલીસ સ્ટેશનમાં ઊભા કરાયેલા કંટ્રોલ રૂમની મુલાકાત લઈ પરિક્રમા માર્ગ તેમજ ગિરનાર ની સીડી પર લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના મોનિટરિંગની ક્રમગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ તેઓ બાઈક પર સવાર થઈ બોરદેવી જવા રવાના થયા હતા. રાજ્યમંત્રીશ્રીએ પરિક્રમામાં જોડાયેલા ભાવિકોને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, પરિક્રમાર્થીઓની સુવિધા અને સલામતી માટે વહીવટી તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. ખાસ કરીને વિવિધ અન્નક્ષેત્રો દ્વારા લાખો ભાવિકોને ભાવપૂર્વક ભોજન પીરસવામાં આવી રહ્યું છે, જે સેવાનું અનેરું કાર્ય છે. અન્નક્ષેત્રોના સેવા લક્ષી કાર્યો અને સ્વયંસેવકોની સેવા ભાવનાને બિરદાવતાં તેમણે આ પવિત્ર પરિક્રમામાં સહભાગી બનવું એક આગવો અનુભવ હોવાનું પણ જણાવ્યું હતું. આ દરમિયાન રાજ્યમંત્રીશ્રીએ અન્નક્ષેત્રમાં નીચે બેસીને ભોજન પ્રસાદ પણ ગ્રહણ કર્યો હતો. ઉપરાંત પરિક્રમાર્થીઓની આરોગ્યસુરક્ષા માટે ઊભા કરાયેલા હંગામી દવાખાનાની મુલાકાત લીધી હતી અને આરોગ્ય સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે ભાવિકો માટે પીવાના પાણી સહિત અન્ય વ્યવસ્થાઓનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, ડેપ્યુટી મેયર શ્રી આકાશભાઈ કટારા, શહેર ભાજપ પ્રમુખ શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, સંગઠનના શ્રી અરુણ બોડાજી સહિતના પદાધિકારી - અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,
રાષ્ટ્રીય સાંપ્રદાયિક સમભાવ સપ્તાહના ઉપલક્ષ્યમાં તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લોકસમજના કર્મયોગીઓને 'રાષ્ટ્રીય અખંડતા શપથ' લેવડાવ્યા હતા. આ અવસરે ભારતના સંવિધાનની ઉદ્દેશિકાનું પણ પઠન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીના માર્ગદર્શન હેઠળ લોકભવનના કર્મયોગીઓને 'સત્યનિષ્ઠાપૂર્વક પ્રતિજ્ઞા લીધી જી કે તેઓ દેશની આ ઝાદી અને અખંડતા ને અકબંધ રાખવા તેમજ તેને વધુ મજબૂત બનાવવા માટે પૂર્ણ સમર્પણ સાથે કાર્ય કરશે.

સરસ શક્તિ ફૂડફેસ્ટિવલ મહિલા સશક્તિકરણ અને ગ્રામીણ ઉદ્યોગસાહસિકતાનું સશક્ત ઉદાહરણ: શિવરાજસિંહ ચૌહાણ









કમલમ્,
કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે સોમવારે નવી દિલ્હી સ્થિત સુંદર નર્સરી ખાતે 'સરસ શક્તિ ફૂડ ફેસ્ટિવલ ૨૦૨૬'નું ઉદ્ઘાટન કર્યું હતું. ૨૧ નવેમ્બર થી ૮ ડિસેમ્બર ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહેલા આ ફૂડ ફેસ્ટિવલમાં દેશભરના વિવિધ રાજ્યોની મહિલા સ્વ-સહાય જૂથોની ઉદ્યોગસાહસિકો પોતાની પરંપરાગત વાનગીઓ, સ્થાનિક ખાણીપીણી અને પ્રાદેશિક પાકકળાનું પ્રદર્શન કરી રહી છે. આ અવસરે શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે સરસ શક્તિ ફૂડ ફેસ્ટિવલમાં દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલી બહેનોએ પોતાના હુનર, મહેનત અને પાકકળાથી આ આયોજનને વિશેષ ઓળખ આપી છે. તેમણે કહ્યું કે મેળાની હજુ શરૂઆત જ થઈ છે, પરંતુ અત્યારથી જ અહીં મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ ઉત્સાહજનક છે. આ આયોજન ગ્રામીણ મહિલાઓની પ્રતિભા અને ઉદ્યોગસાહસિકતાને સામે લાવવાનું એક મહત્વપૂર્ણ મંચ છે. શ્રી ચૌહાણે કહ્યું કે સરસ શક્તિ ફૂડ ફેસ્ટિવલ મહિલા સશક્તિકરણનું એક સશક્ત ઉદાહરણ છે.

આજીવિકા મિશન માધ્યમથી ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણનું અભિયાન ઝડપથી આગળ વધી રહ્યું છે. સ્વ-સહાય જૂથો સાથે જોડાયેલી અનેક મહિલાઓ લખપતિ દીદી બન્યા બાદ હવે કરોડપતિ દીદી બનવાની દિશામાં આગળ વધી રહી છે. તેમણે કહ્યું કે ગ્રામીણ મહિલાઓની મહેનત અને કૌશલ્યને બજાર સાથે જોડીને તેમને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાના સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સરસ મેળા માધ્યમથી એક તરફ ગ્રામીણ મહિલાઓને પોતાના ઉત્પાદનો અને હુનરના પ્રદર્શન માટે બહેતર મંચ અને બજાર ઉપલબ્ધ થઈ રહ્યું છે, તો બીજી તરફ દિલ્હી-દ્રઝઈ ના લોકોને દેશના વિવિધ રાજ્યોની પરંપરાગત વાનગીઓ અને તેમની વિશિષ્ટ સ્વાદની અનુભવ કરવાની તક મળી રહી છે. તેમણે કહ્યું કે અહીં ગીર ગાયના ઘીથી લઈને ઉત્તરાખંડની બાલ મિઠાઈ અને બિહારના લિટ્ટી-ચોખા સુધી દેશની વિવિધ ખાણીપીણી પરંપરાઓનો સ્વાદ માણવા મળશે. આ આયોજન દિલ્હીના ગ્રાહકો સુધી પહોંચાડવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે.

દેશના વિવિધ રાજ્યોની પરંપરાગત વાનગીઓનો સ્વાદ મળશે સરસ શક્તિ ફૂડ ફેસ્ટિવલમાં ૯૦ થી વધુ ફૂડ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં બિહારના લિટ્ટી-ચોખા, તેલંગાણાની હૈદરાબાદી દમ બિરયાની, પંજાબની મકાઈની રોટી અને સરસવનો સાગ, આસામની મશરૂમ પીઠા, કેરળના અડાપડી પ્રદેશના પરંપરાગત વન ઉત્પાદનોમાંથી તૈયાર વાનગીઓ અને છત્તીસગઢનો ચોસેલા સહિત અનેક પ્રાદેશિક વાનગીઓનો સ્વાદ માણવા મળશે. આ આયોજનમાં દેશભરના સ્વ-સહાય જૂથો સાથે જોડાયેલી ૫૦૦ થી વધુ મહિલા ઉદ્યોગસાહસિકો પોતાના ઉત્પાદનો અને પાકકળાનું પ્રદર્શન કરવા તેમજ સંભવિત ખરીદદારો સાથે સીધા જોડાવાની તક મળી રહી છે. તેના માધ્યમથી મહિલા ઉદ્યોગસાહસિકોના ઉત્પાદોને વ્યાપક બજાર ઉપલબ્ધ કરાવવા, તેમની ઓળખ અને બ્રાન્ડિંગને મજબૂત બનાવવા તેમજ કારોબારની નવી તકો વિકસાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સવારે ૧૧:૩૦ વાગ્યાથી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધી મેળાનો આનંદ લઈ શકશે સુંદર નર્સરી ખાતે યોજાઈ રહેલા આ ફૂડ ફેસ્ટિવલ દરરોજ સવારે ૧૧:૩૦ વાગ્યાથી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધી સામાન્ય લોકો માટે ખુલ્લો રહેશે. દિલ્હી-NCR ના રહેવાસીઓ અહીં દેશના વિવિધ રાજ્યોની પરંપરાગત વાનગીઓની સાથે ગ્રામીણ મહિલા ઉદ્યોગસાહસિકો ના કૌશલ્ય, સ્થાનિક ઉત્પાદનો અને ભારતની સમૃદ્ધ ખાણીપીણી વિવિધતાનો અનુભવ કરી શકશે.

વડતાલ સ્વામિનારાયણ મંદિરના કાર્તિકી સમૈયામાં સહભાગી થતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રીશ્રીએ શ્યામ વલ્લભદાસજી સ્વામી દ્વાર અને શ્રી હરિકૃષ્ણ મહારાજ કુમાર શાળાના લોકાર્પણ કર્યા









મુખ્યમંત્રીશ્રી

- મંદિરમાં માથું ટેકવવા સાથે ભગવાને બનાવેલા માનવીની સેવા સાચી ભક્તિ છે
- વડાપ્રધાનશ્રીએ માનવસેવાથી રાષ્ટ્ર સેવાનો ભેખ લીધો છે અને ગરીબ કલ્યાણ યોજનાથી ૫૦ કરોડ લોકોને ગરબીમાંથી બહાર લાવ્યા છે.
- નશામુક્ત ભારતનો સંકલ્પ સાકાર કરવા વડતાલધામના સૌ અનુયાયીઓને પ્રેરક આહવાન

આસ્થા અને ભક્તિના ઉત્સવ સાથે શિક્ષણ અને વિકાસનો સમન્વય "વિકાસ ભી, વિરાસત ભી"નું ઉદાહરણ - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શ્રી સ્વામીનારાયણ મંદિર વડતાલ સંસ્થાન આયોજિત કાર્તિકી સમૈયામાં સહભાગી થઈને અક્ષર નિવાસી પૂજ્ય શ્રી શ્યામ વલ્લભદાસજી સ્વામી સ્મૃતિદ્વાર અને શ્રી હરિકૃષ્ણ મહારાજ કુમાર શાળાના નવનિર્મિત ભવનના ઈ-લોકાર્પણ કર્યા હતા. ધોલેરા ધામ દ્વિશતાબ્દિ મહોત્સવ અંતર્ગત યોજાયેલા આ ઉત્સવમાં આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા સંતવર્યો અને વિશાળ સંખ્યામાં ભક્તો જોડાયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આસ્થા અને ભક્તિના આ ઉત્સવ સાથે શાળા અને પ્રવેશદ્વાર લોકાર્પણને શિક્ષણ અને વિકાસના સમન્વયથી વડાપ્રધાનશ્રીએ આપેલા વિકાસભી, વિરાસત ભીને સાકાર કરતો ઉત્સવ ગણાવ્યો હતો. તેમણે વડતાલધામને લાખો ભક્તોની આસ્થા કેન્દ્ર વર્ણવતા કહ્યું કે, શિક્ષાપત્રીની રચના આ ભૂમિમાં થઈ હતી અને શિક્ષાપત્રીમાં સૌને લોક સેવા સાથે સમાજનું ભલું કરવાનો માર્ગ દર્શાવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી લોક કલ્યાણ કામો કર્યા છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી જણાવ્યું કે, આપણા સંતોએ શિખવ્યું છે કે મંદિરમાં માથું ટેકવવા સાથે ભગવાને બનાવેલા માનવીની સેવા સાચી ભક્તિ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ માનવસેવાથી રાષ્ટ્ર સેવાનો ભેખ લીધો છે અને ગરીબ કલ્યાણ યોજનાઓથી ૫૦ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લાવ્યા છે. વડતાલ સંપ્રદાયે ધર્મ અને સમાજ સેવાને એકબીજાના પૂરક બનાવ્યા છે તેમ જણાવતાં શ્રી ભૂપેન્દ્ર પટેલે સંસ્થાન દ્વારા બે હજારથી વધારે આંગણવાડી અને બાલમંદિરમાં પૌષ્ટિક આહાર, ગરીબ બાળકોને વિનામૂલ્યે શિક્ષણ અને હોસ્ટેલ સુવિધા તથા નિઃશુલ્ક સારવાર આપતી હોસ્પિટલની સેવાની સરાહના કરી હતી. નશામુક્ત ભારત માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા સંકલ્પને સાકાર કરવામાં વડતાલ ધામના સૌ અનુયાયીઓને જોડાવાની તેમણે પ્રેરણા આપી હતી. મંદિરના સત્સંગમાં, સભાઓમાં વ્યસનમુક્તિ પર વાત થાય અને દરેક હરિભક્ત આ અભિયાનનો હિસ્સો બની વિકસિત ભારત ૨૦૪૭ અને નશામુક્ત ભારતના સંવાહક બને તેવું આહવાન મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં વડતાલધામના પ.પૂ.ધ.ધૂ. આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ, કેબીનેટ મંત્રીશ્રી અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ સોલંકી, રાજ્યમંત્રીશ્રી સંજયસિંહ મહિડા અને કમલેશભાઈ પટેલ, સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ, નડિયાદના ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈ, માતરના ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમાર, મહેમદાવાદના ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણ, આણંદના ધારાસભ્યશ્રી યોગેશભાઈ પટેલ, કમિશનરશ્રી કિરણભાઈ ઝવેરી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંત કિશોર, અધિક કલેક્ટરશ્રી જે.બી. દેસાઈ, કેડીસીસી બેંકના ચેરમેનશ્રી તેજસભાઈ પટેલ, વડતાલ મેનેજિંગ ટ્રસ્ટી બોર્ડના ચેરમેનશ્રી પૂ. ડૉ. સંતવલ્લભદાસજી સ્વામી, વડતાલધામના મુખ્ય કોઠારીશ્રી પૂ. દેવપ્રકાશદાસજી સ્વામી, વક્તા પ.પૂ. સદ. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી (કુંડળધામ), અગ્રણી સંતશ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામી, ગઢડાના સ્વામીશ્રી પૂ. હરિજીવનદાસ સ્વામી, પૂ. જીવનચંદ સ્વામી, પૂજ્ય શ્રી નૌતમ સ્વામી સહિતના અન્ય સંતો, મહંતો અને મોટી સંખ્યામાં હરીભક્તો ઉપસ્થિત રહ્યાં હતા.

સંવિધાન ગૌરવ દિવસ અંતર્ગત ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગૌતમભાઈ ગેડિયા તથા પ્રદેશ મુખ્ય પ્રવકતા ડૉ. અનિલભાઈ પટેલે પત્રકાર પરિષદ સંબોધી

સંવિધાન પ્રત્યેનું સન્માન અને તેની રક્ષા ભાજપાના મૂળ વિચાર અને કાર્યપદ્ધતિમાં રહેલાં છે -શ્રી ગૌતમભાઈ ગેડિયા

સંવિધાન ગૌરવ દિન ૨૬ નવેમ્બર, ગુરુવારે સાંજે ૪ વાગ્યે અમદાવાદના ટાગોર હોલ ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી જે.પી. નડ્ડાજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં પ્રબુદ્ધ નાગરિક ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાશે
-શ્રી ગૌતમભાઈ ગેડિયા



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સંવિધાનના સન્માન, નાગરિકોના અધિકારોના રક્ષણ અને બંધારણીય સંસ્થાઓની ગરિમા જાળવવા ભાજપા સરકાર પ્રતિબદ્ધ છે-ડૉ. અનિલભાઈ પટેલ

ભાજપા દ્વારા ૨૬ નવેમ્બરે રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરોમાં સંવિધાન ગૌરવ યાત્રા યોજાશે
-શ્રી ગૌતમભાઈ ગેડિયા

'સેલ્ફી વિથ સંવિધાન' અને સંવિધાન આધારિત સ્પર્ધાઓ તેમજ 'સંવિધાન અમારું ગૌરવ, સંવિધાન અમારું સન્માન'ના હેશટેગ સાથે રાજ્યભરમાં યુવાનોનો સંપર્ક કરી સંવિધાન વિષયક સંવાદ કરવામાં આવશે -શ્રી ગૌતમભાઈ ગેડિયા

કમલમ્,

આગામી ૨૬ નવેમ્બરના રોજ ઉજવાનાર સંવિધાન ગૌરવ દિવસ અંતર્ગત ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોની વિગતો અને સંવિધાન પ્રત્યે ભાજપાની પ્રતિબદ્ધતા તથા કોંગ્રેસ દ્વારા બંધારણના કરાયેલા વારંવારના અપમાન સંદર્ભે આજે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગૌતમભાઈ ગેડિયા તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલે પત્રકાર પરિષદને સંબોધી હતી. આ પ્રસંગે પ્રદેશ મંત્રી નીરવભાઈ અમીન પણ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગૌતમભાઈ ગેડિયાએ જણાવ્યું હતું કે, સંવિધાન પ્રત્યેનું સન્માન અને તેની રક્ષા ભાજપાના મૂળ વિચાર અને કાર્યપદ્ધતિમાં રહેલાં છે. સંવિધાનના અમલના સમયથી જ કલમ ૩૭૦ના મુદ્દે દેશની એકતા અને અખંડિતતા માટે આદરણીય ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ 'એક દેશમાં બે વિધાન, બે પ્રધાન નહીં ચાલે'નો નારો આપ્યો હતો. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરેન્દ્રનગર ખાતે હાથીની અંબાડી પર બાબાસાહેબ ડૉ. આંબેડકરજીના સંવિધાનની ગૌરવપૂર્ણ પદયાત્રા યોજી હતી. શ્રી ગૌતમભાઈ ગેડિયાએ માહિતી આપતા જણાવ્યું કે, આગામી ૨૬ નવેમ્બરના રોજ સંવિધાન ગૌરવ દિને અમદાવાદના ટાગોર હોલ ખાતે સાંજે ૪ વાગ્યે કેન્દ્રીય મંત્રી શ્રી જે.પી. નડ્ડાજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં પ્રબુદ્ધ નાગરિક ગોષ્ઠી નો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત રાજ્યના જિલ્લા અને મહાનગરોમાં સંવિધાન ગૌરવ યાત્રા યોજાશે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર એમ પાંચ મહાનગરોમાં વોર્ડ સ્તરે પણ યાત્રાઓ યોજાશે. તેમણે કહ્યું કે, આજની પેઢીમાં સંવિધાન અંગે વધુ જાગૃતિ લાવવા 'સેલ્ફી વિથ સંવિધાન' અને સંવિધાન આધારિત સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

'સંવિધાન અમારું ગૌરવ, સંવિધાન અમારું સન્માન'ના હેશટેગ સાથે રાજ્યભરમાં યુવાનોનો સંપર્ક કરવામાં આવશે. લોકસભા અને રાજ્યસભાના સાંસદોપણ ૨૬ થી ૨૯ નવેમ્બર દરમિયાન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં યુવાનો સાથે સંવિધાન વિષયક સંવાદ યોજશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત ભાજપા દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓ અને મહાનગરોમાં પત્રકાર પરિષદ યોજીને ડૉ. બાબાસાહેબ આંબેડકરજી અને સંવિધાનનું મહત્ત્વ, ભાજપા તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંવિધાન અને બાબાસાહેબને આપવામાં આવેલું સન્માન અને કોંગ્રેસના શાસનમાં સંવિધાનની અવગણના તથા બાબાસાહેબનું થયેલું અપમાન અંગે વાર્તાલાપ કરવામાં આવ્યો છે. પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૪૯માં બંધારણીય સભા દ્વારા સ્વીકૃત થયેલું ભારતનું સંવિધાન માત્ર કાયદાનું પુસ્તક નથી, પરંતુ દેશના નાગરિકોના અધિકારો, સમાનતા, સ્વતંત્રતા, લોકશાહી અને રાષ્ટ્રની એકતા-અખંડિતતાનો જીવંત દસ્તાવેજ છે. અગાઉ ૨૬ નવેમ્બર કાનૂન દિવસ તરીકે ઓળખાતો હતો, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૫માં ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે ૨૬ નવેમ્બરને સંવિધાન દિવસ તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો. ત્યારથી સમગ્ર દેશમાં સંવિધાનના મહત્ત્વ, નાગરિકોના અધિકારો અને ફરજો અંગે જનજાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. સંવિધાન ગૌરવ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીમાં સંવિધાન પ્રત્યે ગૌરવ અને જાગૃતિ કેળવવાનો છે. સાથે જ સુપ્રીમ કોર્ટ, ચૂંટણી પંચ, ન્યાયતંત્ર, સીબીઆઈ સહિતની બંધારણીય સંસ્થાઓની ગરિમા જાળવવા અને સંસદની લોકશાહી પરંપરાઓનું મહત્ત્વ લોકો સુધી પહોંચાડવાનો છે.

કોંગ્રેસના શાસનકાળની ટીકા કરતાં ડૉ. પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૭૫ની કટોકટી ભારતીય લોકશાહીનો કાળો અધ્યાય છે. તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના શાસનમાં નાગરિકોના મૂળભૂત અધિકારો, પ્રેસની સ્વતંત્રતા અને લોકશાહી મૂલ્યોનું હનન થયું હતું વિપક્ષના નેતાઓ સહિત અનેક નાગરિકોની ધરપકડ કરવામાં આવી અને લોકશાહીની સંસ્થાઓને નિયંત્રિત કરવાનો પ્રયાસ થયો હતો. ત્યારબાદ પણ કોંગ્રેસના વિવિધ શાસનકાળમાં સંવિધાનમાં વારંવાર એવા સુધારા કરવામાં આવ્યા, જેના કારણે લોકશાહી વ્યવસ્થા અને બંધારણીય સંસ્થાઓની સ્વાયત્તતા સામે પ્રશ્નો ઊભા થયા. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં કલમ ૩૫૬નો વારંવાર ઉપયોગ કરીને ચૂંટાયેલી રાજ્ય સરકારોને બરતરફ કરવામાં આવી. કલમ ૩૭૦ અને ૩૫-એ જેવા મુદ્દાઓમાં સંસદીય પ્રક્રિયા અને પારદર્શિતાને બાજુ પર રાખવામાં આવી હતી. શાહબાનો કેસમાં કાયદાકીય ફેરફાર, નરસિંહારાવ સરકાર દરમિયાનનો કેશફોર વોટકાંડ અને મનમોહનસિંહ સરકારના સમયમાં નેશનલ એડવાઈઝરી કાઉન્સિલ (NAC) મારફતે ચૂંટાયેલી સરકારની સત્તાની બહાર સમાંતર સત્તાકેન્દ્ર ઊભું કરવાના પ્રયાસો કોંગ્રેસની બંધારણ વિરોધી કાર્યપદ્ધતિ દર્શાવે છે. રાહુલ ગાંધી દ્વારા જાહેરમાં પોતાની જ કેન્દ્ર સરકારના વટહુકમની નકલ ફાડવાની ઘટનાપણ સંસદીય અને બંધારણીય પ્રક્રિયાઓ પ્રત્યેના તેમના અપમાનજનક વલણનું ઉદાહરણ છે. ડૉ. પટેલે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપા અને એનડીએ સરકારે સંવિધાનને વધુ મજબૂત બનાવવાના હેતુથી અનેક ઐતિહાસિક નિર્ણયો લીધા છે. ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો, જીએસટી, આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા અનામત, કલમ ૩૭૦ અને ૩૫-એની નાબૂદી જેવા નિર્ણયો સામાજિક ન્યાય, રાષ્ટ્રીય એકતા અને બંધારણીય સશક્તિકરણની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલાં છે. બાંગ્લાદેશ સાથે લાંબા સમયથી પડતર સરહદી જમીનના પ્રશ્નનું વર્ષ ૨૦૧૫માં સમાધાન કરીને રાષ્ટ્રીય હિતને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

ભાજપા સરકારના બંધારણીય સુધારાઓનો હેતુ સત્તાનું કેન્દ્રીકરણ નહીં, પરંતુ દેશની એકતા, અખંડિતતા અને છેવાડાના નાગરિકોના સશક્તિકરણનો રહ્યો છે. અંતમાં તેમણે જણાવ્યું હતું કે, સંવિધાન કોઈ રાજકીય પક્ષની મિલકત નથી, પરંતુ દેશના ૧૪૦ કરોડ નાગરિકોનું ગૌરવ છે. તેથી સંવિધાનના મૂલ્યોનું જતન, બંધારણીય સંસ્થાઓનું સન્માન અને લોકશાહીની પરંપરાઓનું પાલન દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે. ભારતીય જનતા પાર્ટી સંવિધાન ગૌરવ અભિયાન દ્વારા આ જ સંદેશ જન-જન સુધી પહોંચાડવા પ્રતિબદ્ધ છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુરુ નાનક જ્યંતિના પાવન પર્વે ગાંધીનગરના પોર સ્થિત ગુરુદ્વારા ખાતે દર્શન-અર્ચન કર્યા









કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શીખ ધર્મના પ્રથમ ગુરુ અને સ્થાપક સંત શ્રી ગુરુ નાનક દેવજીની પ્રબ્રહ્મી જયંતિ ગુરુપુરબના પાવન અવસરે ગાંધીનગર જિલ્લાના પોર ગામે આવેલા ગુરુદ્વારા ખાતે ભક્તિભાવપૂર્વક દર્શન અને પૂજન-અર્ચન કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુરુદ્વારા ખાતે પવિત્ર ગુરુ ગ્રંથ સાહિબના દર્શન કરી શીશ ઝુકાવ્યું હતું અને રાજ્યના સૌ નાગરિકોની સુખ-સમૃદ્ધિ, શાંતિ, એકતા તેમજ રાજ્યના અવિરત વિકાસ માટે વિશેષ અરદાસ કરી હતી. આ અવસરે ગુરુદ્વારા પ્રબંધક સમિતિના મુખ્ય સેવક શ્રી ગુરુપ્રીતસિંહ ધિલ્લોન તથા શ્રી પરમજીતકૌર છાબડા દ્વારા મુખ્યમંત્રીશ્રીને પરંપરાગત ખેસ- સરોપા, શાલ ઓઢાડી તેમજ અમૃતસર સ્થિત સુવર્ણ મંદિરની પ્રતિકૃતિ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવો ગુરુદ્વારા ખાતે આયોજિત લંગરમાં શ્રદ્ધાળુઓને પ્રસાદ વિતરણ કરી સેવાકાર્યમાં સહભાગી થયા હતા. આ દર્શન-પૂજન પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી રૂપસિંહજી ઠાકોર, ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ તથા શ્રી અલ્પેશભાઈ ઠાકોર, શહેર સંગઠન પ્રમુખ શ્રી આશિષભાઈ દવે સહિતના પદાધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ અને બહોળી સંખ્યામાં શીખ સમુદાયના ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028